# સે. ૧૫ કોલેજ સંકુલમાં વાઈબ્રન્ટ બાદ અંધારપટ્ટ : તસ્કરો માટે મોકળુ મેદાન

ગાંધીનગર તા ૧૯

સે-૧૫ સરકારી વિનિયન કાલેજમાં છેલ્લા એક મહીનાથી અંધારપટ્ટ છવાયેલો છે. કોલેજ સંકુલમાં છેલ્લા કેટલાક સમયથી સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા સાંજ ઢળતા જ અંધારાનુ સામ્રાજય જોવા મળે છે. વાઈબ્રન્ટ વેળાએ વી વી આઈ પી પાર્કીંગમાં લાઈટની ઝળહળા જોવા મળતી હતી. પરંતુ હાલ કોલેજ કેમ્પસમાં અંધારપટ્ટ વચ્ચે સલામતીનો મુદ્દો રામભરોસે છે. કોલેજ કેમ્પસમાં વારંવાર સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ જાય છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. હાલ કોલેજ સંકુલમાં ૩૫ પૈકી ૩૨ થાંભલા બંધ હાલતમાં છે.




શહેરમાં તાજેતરમાં જ વાઈબ્રન્ટ સમિટની ઉજવણી વેળાએ રોશનની ઝાકમઝોળ જોવા મળતી હતી. શહેરને રોશનીની જગમગાટથી સુશોભિત કરાયુ હતુ. મહાનુભાવોના ઓવારણા લેવા માટે નગરને દુલ્હનની સજાવટ કરવામાં આવી હતી. જયારે પાર્કીંગ પ્લેસ પર પણ લાઈટીંગ ટાવર ઉભા કરાયા હતા. સે-૧૫ સ્થિત કોલેજ કેમ્પસમાં પણ પાર્કીંગની વ્યવસ્થા ગોઠવાઈ હતી. જયારે આ વી વી આઈ પી પાર્કીંગમાં દિવસ જેવુ

**સંકુલમાં સ્ટ્રીટ લાઇટના ૩૫ પૈકી ૩૨ થાંભલા બંધ હાલતમાં**

અજવાળુ પાથરવા હાઈ પાવર લાઈટીંગ મુકવામાં આવી હતી. પરંતુ વાઈબ્રન્ટ સમિટના અંતે હાલ કોલેજ કેમ્પસમાં સદંતર અંધારુ જોવા મળી રહયુ છે. કોલેજ કેમ્પસમાં સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ જતા છેલ્લા ઘણાં સમયથી કોલેજના સંકુલમાં સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. રાત્રિના સમયે બિહામણાં ભાસતા કેમ્પસમાં અસામાજિક તત્વો પણ ઓથ લે તેવી શક્યતા વચ્ચે બુધ્ધિજીવીઓમાં પણ ચિંતા પ્રવર્તી છે. કોલેજ સંકુલમાં અગાઉ પણ લાંબા સમય સુધી સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જયારે હાલ પણ કોલેજ સંકુલમાં લાઈટો ડુલ રહેતા ગમે ત્યારે તસ્કરો હાથફેરો કરી લે તેવી દહેશત પ્રબળ બની છે. તંત્ર દ્વારા પણ વાઈબ્રન્ટ વેળાએ તડામાર તૈયારી કરી કેમ્પસમાં અજવાળુ પાથરવા માટે યોગ્ય વ્યવસ્થા કરી હતી. પરંતુ વાઈબ્રન્ટ પુર્ણ થયા બાદ હવે અંધારુ ઉલેચવાની દરકાર ન લેવાતા રાત્રિના સમયે કોલેજ સંકુલ ભયાનક ભાસે છે. ત્વરિત અસરથી લાઈટની વ્યવસ્થા થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# જાન્યુઆરી માસના છેલ્લા સપ્તાહમાં આકરી ઠંડી પડશે

ગાંધીનગર, તા. ૧૯

હાલમાં ગુજરાતના વિવિધ ભાગોમાં આકરી ઠંડી પડી રહી છે. જાન્યુઆરી માસના અંતિમ દિવસોમાં વાતાવરણ વધુ કથળશે. ઉત્તર ભારતના વિવિધ વિસ્તારોમાં ઠંડી અને ધુમ્મસનુ વાતાવરણ છવાઈ જશે.

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે જાન્યુઆરી માસમાં હજુ પણ હવામાન કથળે. હાલમાં રાજ્યના ભાગોમાં આકરી ઠંડી પડી રહી છે. ત્યારે આવનાર દિવસોમાં પણ ઠંડીનો ચમકારો વધે. ભૂ-ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતા દેશના ઉત્તરીય પર્વતિય ભાગોમાં ભારે હિમવર્ષાની વકી રહેતા કાતિલ ઠંડીના સંજોગો રહેશે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશના ભાગો, યુપી, પંજાબ, હરીયાણા, રાજસ્થાન, એમપી, બંગાળ, બિહાર, મહારાષ્ટ્ર અને કેટલાક દેશના પૂર્વિય ભાગોમાં હવામાનમાં ભારે પલટો આવે. કાતિલ ઠંડી, હિમ તેમજ કમોસમી વરસાદની વકી રહે. ફેબ્રુઆરી માસમાં પણ ગાત્રો થીજવતી ઠંડી પડવાની વકી રહે.

ગુજરાત, સૌરાષ્ટ્રના ભાગોમાં પણ આગામી બે ત્રણ દિવસોમાં વાદળો આવે અને પવનની અસર રહે. તેમજ ઠંડીનો ચમકારો વધે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ વાદળવાયુ કે હવામાન પલટાના યોગો રહે. હવામાન ધૂંધળુ તેમજ માવઠા જેવુ થઈ જવાની શક્યતા રહે. સાગરકાંઠે પવનનું જોર રહે. જાન્યુઆરી તા. ૨૨થી ૨૬માં બર્ફિલા પવનોના લીધે આકરી ઠંડી પડવાના યોગો રહે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના ભાગોમાં ઠંડી પડે. કેટલાક ભાગોમાં ન્યૂનતમ તાપમાન ૭ ડીગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની વકી રહે. અને માસના અંત ભાગ સુધીમાં રાજ્યના કોઈ ભાગમાં માવઠુ થવાની વકી રહે. રાતમાં બર્ફિલા પવનોથી હિમની અસર જેવુ જણાય.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**જો આ ચૂકાદો આવી ગયો... તમારો જ વાંક છે... તમારે લોકોએ બંધુક સામે ન જવું જોઈએ ને...!!**

# અંબાજી-કરજણ રૂટની બસ અચાનક જ બંધ થતા મુસાફરોમાં આક્રોશ

### સવારે ગોધરા માટે ઉપડતી બસ પણ બંધ કરી દેવાઇ : બહારગામ જતા મુસાફરોને પરેશાની

ગાંધીનગર તા ૧૯

અંબાજી કરજણ રૂટની બસ સેવા અચાનક જ બંધ કરી દેવાતા આ રૂટના મુસાફરોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.ગાંધીનગરથી પણ આ બસમાં બરોડા તેમજ અંબાજી જતા મુસાફરોનો ટ્રાફિક રહેતો હતો. પરંતુ કોઈકારણોસર બસ બંધ કરી દેવાતા મુસાફરોમાં આક્રોશ પ્રવર્તયો છે. આ ઉપરાંત ગોધરા રૂટની બસ પણ બંધ થતા મુસાફરો અટવાય છે.

ગાંધીનગર ડેપોમાં અમદાવાદ ઉપરાંત વિવિધ જિલ્લાઓમાં જતી બસો માટે પણ મુસાફરોનો વિશેષ ટ્રાફિક જોવા મળે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી બહારગામની બસો બંધ થવાની સાથે કેટલાક રૂટની બસો અનિયમિત થતા મુસાફરોએ પારાવાર હાલાકીનો સામનો કરવો પડે છે. સવારે ગોધરા રૂટની બસ પણ બંધ થતા આ રૂટના મુસાફરો અટવાય છે. જયારે લાંબા સમયથી દોડતી અબાજી કરજણ રૂટની બસ પણ અચાનક જ બંધ કરી દેવાતા મુસાફરો મુંઝવણમાં મુકાયા છે. આ રૂટની બસમાં અંબાજી તેમજ બરોડા જતા મુસાફરો પણ મોટી સંખ્યામાં અવરજવર કરતા હોવાથી બસ સેવા ખોરવાતા પ્રબળ રોષ પ્રવર્તયો છે. ગાંધીનગર ડેપોમાંથી પણ અબાજી બરોડા જતા મુસાફરોનો ટ્રાફિક વિશેષ રહેતો હતો. પરંતુ અચાનક જ બસ બંધ કરી દેવાતા મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ મામલે ત્વરિત અસરથી બસ શરૂ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. જયારે સવારે ગોધરા રૂટની સવારે ૬ વાગે ઉપડતી બસ પણ બંધ થતા મુસાફરોને તકલીફ વેઠવી પડે છે.



**શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૨ શાળાઓમાં સુવર્ણપ્રાશન**

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સતત ત્રીજી વખત ગુજરાત-રાજસ્થાનના સરહદી વનવાસી વિસ્તારમાં સ્વર્ણપ્રાશનનો કાર્યક્રમ સંપન્ન કર્યો. નિશ્ચિત કરેલ ૧૨ શાળાઓમાં તમામ બાળકોને મહર્ષિ તથા ભીમજીભાઈ દ્વારા ૧૦૦થી વધુ બાળકોને મધ્યાહન ભોજન પહેલા ટીપાં પીવડાવ્યા હતા. જાભચિતરીયા, અણસોલ, લક્ષ્મીપુરા, વેણપુર, નવાગામ વિ. શાળાઓ આવરી લીધી હતી. સેવા સમિતિના મિલિન્દભાઈ, દિનેશભાઈ તથા ડૉ. બોઘાણી સાથે હતા.

# સે. ૧૪માં રહેતા ૨૨ વર્ષિય યુવાને ગળે ફાંસો ખાઈ લીધો

શહેરના સેક્ટર-૧૪ ખાતે રહેતા ૨૨ વર્ષિય યુવાને ગઈ મોડી રાત્રે સવા એક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે જ ગળે ફાંસો ખાઈ લઈ મોતને વ્હાલુ કરી દીધુ હતુ. હિંચકાની પાઈપ સાથે કપડું બાંધીને યુવાને ફાંસો ખાઈ લીધો હતો. પોલીસને ઘટનાની જાણ થતા સે. ૭ પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગરના સેક્ટર-૧૪ ખાતે પ્લોટ નં. ૮૨/૨ ખાતે રહેતા ૨૨ વર્ષિય યુવાન શુભમ અશોકભાઈ કાપડીયાએ ગઈ રાત્રે સવા એક વાગ્યાના અરસામાં પોતાના ઘરમાં આપઘાત કરી લીધો હતો. કોઈ કારણોસર ગુમસુમ રહેતા શુભમે ગઈ રાત્રે પોતાના રૂમમાં હિંચકાની પાઈપે કપડું બાંધી દીધુ હતુ અને ત્યાર બાદ તે કપડુ પોતાના ગળે લપેટીને ફાંસો ખાઈ લીધો હતો. ઘટના અંગે પરિવારજનોને જાણ થતાં પગ તળેથી જમીન સરકી ગઈ હતી. તાત્કાલિક સારવાર માટે શુભમને હોસ્પિટલ લઈ જવા તજવીજ કરાઈ પરંતુ તેનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. સે. ૭ પોલીસ મથકના જમાદાર કાનાભાઈએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાત પાછળનું કારણ બહાર લાવવા તપાસ શરૂ કરી છે.

